જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૧૧/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૯૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૯૯/૨૦૨૩

**ચાંદખેડાઃ** તેજેન્દ્રપાલસિંઘ પ્રિતમસિંઘ ઓબેરાય (રહે.માધવ બંગ્લોઝ-૧, સોમેશ્વર મહાદેવ મંદીર સામે, મોટેરા) એ તા.૨૨/૧૧/૨૦૨૩ નાઅ રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૩ થી તા.૧૯/૧૧/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની જાળી કાપી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૧૯૦૦/૨૦૨૩

**સાબરમતીઃ** પરેશકુમાર દિનેશભાઇ રાવલ (ઉ.વ.૫૫)(રહે.આલોક બંગ્લોઝ, સરદાર ચોક, ન્યુ રાણીપ, સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૧/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ પરેશભાઇના ઘર આગળ ઉભી રાખેલ રીક્ષાની બીજી સાઈડ આગળ મોટર સાયકલ ઉભુ રાખી, પરેશકુમારની નજર ચુકવી રિક્ષાની પાછળની સીટ ઉપર મુકેલ થેલી લઈ નાસી ગયા હતા. જે થેલીમાં રોકડ રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** હિતેશ ભગવાન ગોયલ (રહે.બાલાજી વિન્ડ પાર્ક સોસાયટી વૈષ્ણોદેવી પાસે સોલા) એ તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે થલતેજ પેલેડીયમ મોલમાં પહેલા માળે આવેલ રીલાયન્સ બ્રાન્ડસ લીમીટેડના “સ્ટીવ મેડન” નામના ફુટવેર સ્ટોર્સ ખાતે બહાર સ્લાઇડરનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ સ્ટોર્સમાં પ્રવેશ કરી, સ્ટોક રૂમના લોકરમાંથી રોકડ રૂપિયા ૧,૨૯,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જાહીદખાન ઈસ્માઈલખાન ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૧/૨૦૨૩**

**ઓઢવઃ** લીલાવતી વા/ઓ હરીકેશ ભારતી (ઉ.વ.૨૫)(રહે.રબારી વસાહત ગેટ નંબર-૦૮ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.સી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી